શ્રી વિનીત અભિષેકે પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારીનો ચાર્જ સંભાળ્યો

અમદાવાદ, શ્રી વિનીત અભિષેક, ૨૦૧૦ની સિવિલ સર્વિસીસ બેચના ભારતીય રેલવે ટ્રાફિક સર્વિસ (IRTS) ના અધિકારી, ૧૦મી જૂન, ૨૦૨૪ના રોજ પશ્ચિમ રેલવેના નવા મુખ્ય જનસંપર્ક અધિકારી (CPRO) તરીકે જોડાયા છે. મેનેજમેન્ટ સ્નાતક, શ્રી વિનીત શહેરી આયોજન અને પરિવહનમાં ૧૯ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે અને જાહેર, કોર્પોરેટ અને નોન-પ્રોફિટ સેક્ટરમાં ફેલાયેલ છે. મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવેના વરિષ્ઠ ડિવિઝનલ કમર્શિયલ મેનેજર તરીકેના તેમના અગાઉના પદ પર, ટિકિટ ચેકિંગ અને બિન-ભાડા આવકના ક્ષેત્રમાં તેમણે બહુવિધ પહેલનું નેતૃત્વ કર્યું હતું જેના કારણે ડિવિઝને તેના ઈતિહાસમાં પ્રથમ વખત વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૪૦૦૦ કરોડની આવકનો આંકડો પાર કર્યો હતો. શ્રી વિનીતે વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને ૨૦૨૧-૨૦૨૩ દરમિયાન મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (MIT), યુએસએ ખાતે ઉચ્ચ અભ્યાસ અને સંશોધન કર્યું, જ્યાં હાર્વર્ડ કેનેડી સ્કૂલ ઑફ ગવર્નમેન્ટમાં ક્રોસ નોંધણી સાથે, તેમણે સતત પરિવહન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ, મ્યુનિસિપલ ફાઈનાન્સિંગ, બજેટિંગ અને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPPs)માં વિશેષતા મેળવી હતી. એમઆઈટીમાં, તેમણે એચ એચ હમ્ફ્રેન્ડ લીબ્રાઈટ ફેલોશિપ, જેએન ટાટા ફેલોશિપ અને એમઆઈની ગવર્ન્સ ઈનોવેશન વિવિધ રિસર્ચ ફેલોશિપ જેવી ફેલોશિપ સભા હતી. તેમના ઉચ્ચ અભ્યાસ દરમિયાન, શ્રી વિનીતે વિવિધ ઓન-સાઈટ પ્રોજેક્ટ્સમાં ભાગ લીધો - જેમ કે મેસેચ્યુસેટ્સ બાય ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટી સાથે TOD પ્રોજેક્ટ, ITDP આફ્રિકા સાથે અર્બન ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સિંગ પ્રોજેક્ટ, વર્લ્ડ બેંક સાથે ચેન્નાઈ સિટી પાર્ટનરશિપ પ્રોજેક્ટ, નૈરોબી મેટ્રોપોલિટન એરિયા ટ્રાન્સપોર્ટ સાથે પબ્લિક બસ ઈલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ. ઑથોરિટી અને ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સપોર્ટેશન એન્ડ ડેવલપમેન્ટ પોલિસી (ITDP) ઈન્ટરનેશનલ એસોસિએશન ઑફ પબ્લિક ટ્રાન્સપોર્ટ (UITP). જૂનથી ઑગસ્ટ, ૨૦૨૩ ની વચ્ચે, શ્રી વિનીત અભિષેક દેશમાં સિવિલ સર્વિસિસ રિફોર્મ્સ પર સંશોધન કરવા માટે દેશના ગવર્નન્સ અને ઈનોવેશન મંત્રાલય (MGI) સાથે સંયુક્ત-સહયોગી પ્રોજેક્ટ પર MIT ગવર્નમેન્ટ/લેબ ફેલો તરીકે બ્રાઝિલમાં હતા.

બ્રેડ બટર-રિફાઈન્ડ ઓઈલ સ્વાસ્થ્ય માટે સૌથી હાનિકારક

નવી દિલ્હી, શું તમે પણ તમારા ઘરમાં નાસ્તામાં બ્રેડ બટરનો ઉપયોગ કરો છો અને વેજીટેબલ પરાઠા બનાવવા માટે ઘણા બધા રિફાઈન્ડ કુકિંગ ઓઈલનો ઉપયોગ કરવામાં આવે છે, તો સાવચેત રહો, કારણ કે તાજેતરમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ એટલે કે ઝસ્ઈ દ્વારા એક ચેતવણી જાહેર કરવામાં આવી છે. તેણે કહ્યું હતું કે બ્રેડ બટર અને રિફાઈન્ડ ઓઈલ સ્વાસ્થ્ય માટે સૌથી હાનિકારક ખાદ્ય પદાર્થોમાંથી એક છે. જેના કારણે સ્થૂળતા, હાર્ટ એટેક અને સ્ટ્રોક વગેરેનું જોખમ વધી જાય છે. તો ચાલો તમને જણાવીએ કે આ ખાદ્ય પદાર્થો ખાવાથી શું નુકસાન થઈ શકે છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના તાજેતરના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે બ્રેડ, બટર અને કુકિંગ ઓઈલનું વધુ પડતું સેવન સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે, કારણ કે આ ત્રણેય વસ્તુઓ અલ્ટ્રા પ્રોસેસ્ડ છે. મતલબ કે આ વસ્તુઓમાં ખાંડ, મીઠું, તેલ અને પ્રોસેસ્ડ વસ્તુઓનો વધુ ઉપયોગ થાય છે. બ્રેડ, માખણ અને કુકિંગ ઓઈલ ઉપરાંત, ઠંડા પીણા, લોટમાંથી બનેલી મીઠી વાનગીઓ, પેકેજ સ્નેક્સ, ચિપ્સ, બિસ્કિટ, કૂકીઝ જેવી વસ્તુઓ પણ પ્રોસેસ્ડ ફૂડ હેઠળ આવે છે અને તેને ખાવાથી ટાળવી જોઈએ. ICMR અનુસાર, બ્રેડ, માખણ, રિફાઈન્ડ કુકિંગ ઓઈલ જેવા અલ્ટ્રા-પ્રોસેસ્ડ ખાદ્યપદાર્થોનો લાંબા સમય સુધી વધુ પડતો ઉપયોગ સ્થૂળતા તરફ દોરી શકે છે. એટલું જ નહીં, લાંબા સમય સુધી તેનું સેવન કરવાથી હાર્ટ એટેક, સ્ટ્રોક, મગજને નુકસાન જેવી ગંભીર સમસ્યાઓ પણ થઈ શકે છે.

વાસ્તવમાં આ અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ્સમાં ચરબીનું પ્રમાણ ઘણું વધારે હોય છે અને તેમાં ફાઈબરનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે. એટલું જ નહીં તેમાં કેમિકલ પ્રિઝર્વેટિવ્સ અને કલર્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે તરત જ ખાવામાં ખૂબ જ સ્વાદિષ્ટ અને અનુકૂળ લાગે છે, પરંતુ જો લાંબા સમય સુધી તેનું સેવન કરવામાં આવે તો તે સ્વાસ્થ્ય માટે ધીમા ઝેરથી ઓછું નથી.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઓફિસર્સ એસોસિએશન અમદાવાદ સર્કલ દ્વારા ૨૪મી ત્રિવાર્ષીક સાધારણ સભાનું અમદાવાદ ખાતે ભવ્ય આયોજન

STATE BANK OF INDIA OFFICERS' ASSOCIATION - Ahmedabad Circle
24th TRIENNIAL
GENERAL BODY MEETING
08th June, 2024

તારીખ ૮ જૂન ૨૦૨૪ ને શનિવારે સરદાર પટેલ સ્મારક ભવન, શાહીબાગ ખાતે એસબીઆઈ ઓફિસર્સ એસોસિએશન અમદાવાદ સર્કલ ની ૨૪ મી ત્રિવાર્ષીક સાધારણ સભા નું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમગ્ર ગુજરાત માંથી આશરે ૧૨૦૦ થી વધુ ઓફિસરો એ ભાગ લીધો હતો. સભા ના મુખ્ય અતિથિ તરીકે શ્રી ક્ષિતિજ મોહન ચીફ જનરલ મેનેજર અમદાવાદ સર્કલ તથા શ્રી ગોપાલ ઝા, જનરલ મેનેજર નેટવર્ક ૩ તથા શ્રી વિક્રમ ઝા, મંડલ વિકાસ અધિકારી વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી નીરજા ગુપ્તા, વાઈસ ચાન્સેલર ગુજરાત યુનિવર્સીટી ઉદ્ઘાટક સ્વરૂપે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી રૂપમ રોય, પ્રમુખ તથા શ્રી દિપક શર્મા જનરલ સેક્રેટરી ઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફિસર્સ ફેડરેશન પણ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ભારત દેશ ના અન્ય તમામ સર્કલ માંથી પ્રમુખ તથા જનરલ સેક્રેટરી હાજર રહ્યા હતા. આ સમગ્ર આયોજન એસબીઆઈ ઓફિસર્સ એસોસિએશન અમદાવાદ સર્કલ ના જનરલ સેક્રેટરી શ્રી રંજન કરણ, પ્રેસિડન્ટ શ્રી નિલેશ રાડિયા અને તેમની સમગ્ર ટિમ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાંકરિયામાં બાલવાટિકાની શકલ અને સુરત બદલાશે

અમદાવાદ, શહેરના કાંકરિયા તળાવ ખાતે આવેલા કાંકરિયા લેક ફ્રન્ટ આજે સમગ્ર વિશ્વના નકશામાં અંકિત થયું છે. ત્યારે કાંકરિયા લેક ફ્રન્ટના મોરપીંછમાં વધુ એક આકર્ષણ ઉમેરાવવા જઈ રહ્યું છે. કાંકરિયા લેક ફ્રેન્ટ ખાતે અનેક વિવિધ એક્ટિવિટી કરવામાં આવે છે. ત્યારે નાના બાળકોથી લઈ સૌ કોઈ માટે કાંકરિયા ખાતે આવેલું બાલવાટિકા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. બાલવાટિકમાં વધુ સુવિધા અને નવા રંગ પુરવાની સાથે રિડેવલપમેન્ટ કરવામાં આવશે.

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા કાંકરિયા તળાવ અને કાંકરિયા લેક ફ્રન્ટનું નવનિર્માણ કરી આંતરરાષ્ટ્રીય મનોરંજન કેન્દ્ર તરીકે વિકાસ કરવામાં આવેલ છે. જેમાં કાંકરિયા લેક ફ્રન્ટની મુલાકાત લેતા નાના ભુલાકાઓ, સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓ યુવાનો અને વૃદ્ધો તમામ ઉંમરના લોકોને આકર્ષે એવા અનેક આકર્ષણો ઉમેરો સમયાતંરે કરવામાં આવેલ છે. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તે માટે કાંકરિયા પરિસરમાં બનાવવામાં આવેલ બાલવાટિકા ઘણા સમયથી ચાલતી હોવાથી તેનું માળખાકિય રિડેવલમેન્ટ કરી નવીનિકરણ કરવામાં આવશે. જેમાં કાંકરિયા પરિસરની મુલાકાતે આવતા નાના ભુલકાઓ, યુવાનો, વૃદ્ધો સૌને આકર્ષે તેવા નવીન આકર્ષો ઉમેરવા અર્થે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે બાલવાટિકાનું મોર્ડનાઈઝેશન અને અપગ્રેડશન સાથે નવી એક્ટિવિટીઝ બનાવવા જરૂરી ટેન્ડર કાર્યવાહ હાથ ધરી ખાનગી એજન્સીને કામગીરી સોપવામાં આવેલ છે. એજન્સી દ્વારા બાલવાટિકાની હયાત એક્ટિવિટીઝમાં જરૂરી સુધારા કરવામાં આવશે. ઉપરાંત લેઝી રિવર, રોબોટીક ડાયનોપાર્ક, ટ્રાફિક પાર્ક, ગ્લા હાઉસ, મીરર હાઉસ, સ્નો પાર્ક, વેક્સ મ્યુઝિયમ વગેરે જેવા નવીન આકર્ષણો ઉમેરવામાં આવશે. એજન્સી દ્વારા કામગીરી સોંપ્યાના એક વર્ષમાં નવીનીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવશે અને ત્યાર બાદ બાલવાટિકા મુલાકાતીઓ માટે ફરીથી ખુલ્લુ મુકવામાં આવશે. આજે કાંકરિયા તળાવ માત્ર અમદાવાદ નહીં પણ દેશ વિદેશ સુધી તેની ઓળખ ઉભી થઈ છે. વર્ષમાં અંતમાં આયોજીત કાંકરિયા કાર્નિવલ આજે સૌ કોઈ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. વર્ષે દહાડે લાખો પ્રવાસીઓ કાંકરિયા લેક ફ્રન્ટની મુલાકાત લે છે, ત્યારે બાલવાટિકાનું રિડેવલમેન્ટ વધુ એક આકર્ષણ બનશે. એજન્સી દ્વારા બાલવાટિકાની હયાત એક્ટિવિટીઝમાં જરૂરી સુધારા કરવામાં આવશે. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તે માટે કાંકરિયા પરિસરમાં બનાવવામાં આવેલ બાલવાટિકા ઘણા સમયથી ચાલતી હોવાથી તેનું માળખાકિય રિડેવલમેન્ટ કરી નવીનિકરણ કરવામાં આવશે.

કાંકરિયા પરિસરની મુલાકાતે આવતા નાના ભુલકાઓ, યુવાનો, વૃદ્ધો સૌને આકર્ષે તેવા નવીન આકર્ષો ઉમેરવા અર્થે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે બાલવાટિકાનું મોર્ડનાઈઝેશન અને અપગ્રેડશન સાથે નવી એક્ટિવિટીઝ બનાવવા જરૂરી ટેન્ડર કાર્યવાહ હાથ ધરી ખાનગી એજન્સીને કામગીરી સોપવામાં આવેલ છે. નાના બાળકોથી લઈ સૌ કોઈ માટે કાંકરિયા ખાતે આવેલું બાલવાટિકા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે.

‘હવે મારી કંપનીઓ ભારતમાં છે...’, એલોન મસ્ક

નવી દિલ્હી, અબજોપતિ ઉદ્યોગપતિ અને ઈલેક્ટ્રિક કાર ઉત્પાદક ટેસ્લાના ઝઈ, એલોન મસ્ક, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લોકસભા ચૂંટણીમાં તેમની જીત બદલ અભિનંદન પાઠવ્યા છે. મસ્કે કહ્યું કે તેમની કંપનીઓ ભારતમાં કામ કરવા ઉત્સુક છે. મસ્કે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે નરેન્દ્ર મોદી, વિશ્વની સૌથી મોટી લોકતાંત્રિક ચૂંટણીમાં તમારી જીત બદલ અભિનંદન. મારી કંપનીઓ ભારતમાં કામ કરવા આતુર છે. આ પહેલા શુક્રવારે નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા અને સરકાર બનાવવાનો દાવો કર્યો.

આ દરમિયાન રાષ્ટ્રપતિએ મોદીને વડાપ્રધાન પદ માટે નોમિનેટ કર્યા હતા. તેઓ રવિવારે સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેવા તૈયાર છે. મોદીના નેતૃત્વમાં NDAએ 543 લોકસભા સીટોમાંથી 293 સીટો જીતી છે. તમને જણાવી દઈએ કે ચૂંટણી પહેલા મસ્કે ભારતની મુલાકાતની જાહેરાત કરી હતી. જોકે, બાદમાં તેણે પોતાનો ભારત પ્રવાસ સ્થગિત કરી દીધો હતો. ગયા વર્ષે જૂનમાં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના પ્રવાસે ગયા હતા. એલોન મસ્ક તેને ત્યાં મળ્યો. આ દરમિયાન પોતાને મોદીના પ્રશંસક ગણાવતા મસ્કે કહ્યું હતું કે ટેસ્લા ભારતમાં રોકાણ કરશે. ટેસ્લાની જેમ, કંપનીએ ગયા વર્ષે જુલાઈમાં કહ્યું હતું કે તે $24,000ની કિંમતની EVsનું ઉત્પાદન કરવા માટે ભારતમાં ફેક્ટરી ખોલવામાં રસ ધરાવે છે. એલોન મસ્કે 2019ની શરૂઆતમાં ભારતમાં રોકાણ કરવા માટે સૌપ્રથમ રસ દર્શાવ્યો હતો.

જો કે, તેમણે ઊંચા આયાત કર અંગે વાંધો ઉઠાવ્યો હતો. પરંતુ ભારત સરકાર સ્પષ્ટપણે કહે છે કે જો ટેસ્લા ભારતમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપશે તો રાહતો પર વિચાર કરવામાં આવશે. સરકારે ટેસ્લાને ભારતમાં ચીની બનાવટની કાર વેચવાની પરવાનગી આપી નથી. સરકારે એલોન મસ્કની કંપનીને દેશમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા કહ્યું હતું જેથી સ્થાનિક વેચાણ અને નિકાસ માટે ઉત્પાદન કરી શકાય.

અડધી રાતે રેસિડેન્ટ ડોક્ટરે હોસ્ટેલમાં થાઈ ગર્લ બોલાવી

સુરત, સુરત પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ અને મેડિકલ કોલેજને શર્મસાર કરતી ઘટના પ્રકાશમાં આવી છે. એક રેસિડન્ટ ડોક્ટરે સેટર ડે નાઈટ મનાવવા કોલેજ કેમ્પસમાં આવેલી હોસ્ટેલમાં થાઈ ગર્લ બોલાવી હતી. હોસ્ટેલના રૂમમાં આ ખૂબસૂરત હસીનાને લઈ ગયા બાદ મજા કરે તે પહેલાં જ ડોક્ટરનો ફજેતો થયો હતો. કોઈક બાબતે ઝઘડો થયા બાદ ભાન ભૂલેલા ડોક્ટરે થાઈ ગર્લને લાફો મારી દીધો હતો. તેના પડઘા કોલેજ-હોસ્પિટલ તંત્ર સુધી પડ્યા હતા. મધરાત્રે સમગ્ર મામલો વરાછા પોલીસ સુધી પણ પહોંચ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, સ્મીમેર હોસ્પિટલના કેમ્પસમાં જ મેડિકલ કોલેજ આવેલી છે. અહીં કેમ્પસમાં જ રેસિડન્ટ ડોક્ટરોની હોસ્ટેલ પણ આવેલી છે. શનિવારે મધરાત્રે ૧ વાગ્યે બોય્સ હોસ્ટેલમાં મોટો બખેડો થયો હતો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે એક રેસિડન્ટ ડોક્ટરે વેસુથી થાઈ ગર્લને બોલાવી હતી. હોસ્પિટલ-કોલેજ કેમ્પસમાં મોડીરાત્રે સન્નાટા વચ્ચે રેસિડન્ટ ચોરીછૂપીથી થાઈ ગર્લને લઈ હોસ્ટેલમાં પહોંચી ગયો હતો. રૂમમાં પ્રવેશતા જ બંને વચ્ચે કોઈક કારણોસર ઝઘડો થયો હતો. શાબ્દિક ટપાટપી બાદ રેસિડન્ટ ડોક્ટરે આવેશમાં આવી થાઈ ગર્લને લાફો મારી દીધો હતો. જેને પગલે સમસમી ઉઠેલી થાઈ ગર્લ પોતાના અસ્તવ્યસ્ત કપડાં હોવા છતાં રૂમમાંથી બહાર કેમ્પસમાં ભાગી ગઈ હતી.

આ ઘટનાને પગલે હોસ્ટેલની બહાર હંગામો મચી ગયો હતો. સ્મીમેર મેડિકલ કોલેજના કેમ્પસમાં મોંઘીદાટ બ્રાન્ડેડ કંપનીની દારૂની બોટલો મળવાના બનાવો છાશવારે બની રહ્યાં છે. સિક્યોરિટી તથા ઉચ્ચ અધિકારીઓ રાઉન્ડ પર નીકળે ત્યારે કેમ્પસમાં ખૂણે-ખાંચરે દારૂની બોટલો જોવા મળે છે. જોકે, શરાબની બોટલો અંગે પ્રશાસને ઢીલું વલણ દાખવતા બેફામ બનેલા રેસિડન્ટ ડોક્ટરોએ શનિવારે રાત્રે કરેલી હરકતના ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા. પાલિકા તંત્ર પણ આ મામલે કડકાઈ દાખવે તે જરૂરી છે. સ્મીમેર મેડિકલ કોલેજની હોસ્ટેલમાં શનિવારે મોડીરાત્રે બનેલી ઘટના ધ્યાને આવી છે. ઘટના અતિગંભીર છે. આ અંગે અધિકારીઓને મૌખિક સૂચના આપી દેવાઈ છે. સોમવારે આ મામલે તપાસ કરી જવાબદારો સામે કડક એક્શન લેવામાં આવશે. સમગ્ર મામલો વરાછા પોલીસ મથક પહોંચ્યો હતો, જેમા લાંબી માથાકૂટના અંતે ડોક્ટર અને થાઈ યુવતી વચ્ચે સમાધાન થયું હતું. આ બાદ સ્મીમેર હોસ્પિટલ તંત્ર દ્વારા તપાસના આદેશ આપ્યા હતા. થાઈ મહિલા મોડી રાત્રે હોસ્પિટલમાં શુ કરતી હતી તે અંગે સવાલ ઉભા થયા. જો ઓર્થોપેડિક વિભાગના તબીબની બેદરકારી હશે તો એક્શન લેવાશે. બે થી ત્રણ ટર્મ માટે ટર્મિનેટ અથવા હોસ્ટેલમાંથી કાઢી મૂકવામાં આવશે. જોકે, સમગ્ર ઘટનામાં આસપાસના લોકો એમ કહે છે કે રાત્રે વાળ અને દાઢી કરવા મહિલાને બોલાવી હતી. પરંતુ આ વાત માનવામાં નથી આવતી. બીજી તરફ, મેડિકલ કોલેજમાં થાઈ ગર્લ લાવ્યાના મામલાને દબાવી દેવાનો પ્રયાસ કરાયો હતો. વિવાદ બહાર આવતા સમગ્ર મામલે સ્મીમેર પ્રશાસન મોડેમોડે જાગ્યું છે. સમગ્ર ઘટના મામલે પાંચ લોકોની કમિટી બનાવાશે. સ્મીમેર મેડિકલ કેમ્પસમાંથી દારૂની ખાલી બોટલો પણ મળી આવી છે. દારૂની મળેલી ખાલી બોટલો હોસ્ટેલમાં કોઈક ગેરકાયદેસર થાય તે તરફ ઈશારો કરે છે.

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન
સુધારો
ટેન્ડર નોટિસ નંબર DRM BRC 051 to 053 of 2024-25 તારીખ 06.06.2024 ના ટેન્ડર નંબર DRM BRC 053 of 2024-25 ના ટેન્ડર ડોક્યુમેન્ટ માટે સુધારો. 1. ટેન્ડર નંબર DRM BRC 053 of 2024-25: (1.) ટેકનિકલ અનુપાલન-:"ટેન્ડરરે કામના ઈલેક્ટ્રિકલ ભાગના અમલીકરણ કરવા માટે ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટ માટે માન્ય ઇલેક્ટ્રિકલ લાઇસન્સ જમા કરવાનું રહેશે." (2.) S&T વિભાગનો JPO રેલ્વે બોર્ડ પત્ર નંબર 2024/CE-I/CAO(C) Workshop/part-2 તારીખ: 03.06.2024 અનુસાર PDF માં સંલગ્ન કરવું. અન્ય નિયમો અને શરતો યથાવત રહેશે
W/623/NIT of 2024-25 dated 07.06.2024
અમને લાઇક કરો: facebook.com/WesternRly 076

જિઓસ્ટાર યુએસએ: એડવાન્સ્ડ સ્ટેમ સેલ થેરાપીઝ સાથે રિજનરેટિવ મેડિસીનમાં ક્રાંતિ લાવશે

GIOSTAR - USA
Stem Cell Treatment Institute

અમદાવાદ, સ્ટેમ સેલ રિસર્ચ અને રિજનરેટિવ મેડિસીન ક્ષેત્રે અમેરિકા સ્થિત વૈશ્વિક અગ્રણી ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્ટેમ સેલ થેરાપી એન્ડ રિસર્ચ (GIOSTAR) વિશ્વમાં અને ભારતમાં અસંખ્ય ડિજનરેટિવ અને આનુવંશિક રોગો માટે નવીન સોલ્યુશન્સ પ્રદાન કરીને મેડિકલ સાયન્સમાં પ્રગતિ કરવાનું ચાલુ રાખે છે. ડો. દિવ્યાંગ પટેલની આગેવાની હેઠળ કંપની ગુજરાતના અમદાવાદ ખાતે આવેલા હેડક્વાર્ટરથી ભારતની કામગીરી સંભાળે છે. કંપનીનો ઉદ્દેશ્ય તેની કામગીરીને વિસ્તારવાનો અને હેલ્થકેર સોલ્યુશન્સ ઓફર કરવાનો છે. કંપની અત્યાધુનિક અને અનોખા સ્ટેમ સેલ આધારિત રિજનરેટિવ થેરાપીઝ અને પ્રોડક્ટ્સ સાથે માનવ રોગોની સારવાર શોધવા અને વિકસાવવા પર પ્રાથમિક ધ્યાન આપે છે. જિઓસ્ટારની સ્થાપના વિજ્ઞાન અને બિઝનેસના ક્ષેત્રે બે લીડર્સ દ્વારા થઈ હતી. ડો. આનંદ શ્રીવાસ્તવ કંપનીના ચેરમેન અને કો-ફાઉન્ડર છે જ્યારે શ્રી દેવેન પટેલ સીઈઓ અને કો-ફાઉન્ડર છે. અમેરિકાના કેલિફોર્નિયામાં સાન ડિયેગોમાં હેડક્વાર્ટર ધરાવતી જિઓસ્ટારે સમગ્ર અમેરિકા, ભારત, મેક્સિકો, કોસ્ટા રિકા, ચીનમાં અત્યાધુનિક સ્ટેમ સેલ ટ્રીટમેન્ટ હોસ્પિટલ્સ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ્સ ઊભા કરીને તેના વિઝનને સફળતાપૂર્વક સાકાર કર્યું છે. કંપની થાઈલેન્ડ, દુબઈ, કુવૈત, તુર્કી, ફિલિપાઈન્સ, ગ્રીસ, બ્રાઝિલ અને બહામાસમાં વિસ્તરણની યોજના ધરાવે છે. ●

ICICI Home Finance | કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુર્લા રોડ, અંધેરી(ઈસ્ટ), મુંબઈ -૪૦૦૦૫૯, ભારત
શાખા ઓફિસ : પહેલો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મેહસાણા હાઈવે, મેહસાણા-૩૮૪૦૦૨.
શાખા ઓફિસ : ત્રીજો માળ, ૩૦૧, નક્ષત્ર-૩, ૧૫૦ફીટ રીંગ રોડ, રાઓયા ટેલિફોન એક્ષચેન્જ પાસે, રાજકોટ-૩૬૦૦૦૭.
(કાયદા નં.૮(૬)ની જોગવાઈ જૂઓ)
સ્થાયી મિલકતના વેચાણ માટે નોટિસ

સિક્યુરીટાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)કાયદા, ૨૦૦૨ના કાયદા ૮(૬)ની જોગવાઈ સાથે વાંચતા તે હેઠળ સ્થાયી મિલકતોના વેચાણ માટે ઈ-નિલામી નોટિસ. જાહેર જનતા તથા નીચે જણાવેલા દેવાદારો અને જામીનદારોને આથી નોટીસ આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.ના અધિકૃત અધિકારી દ્વારા ગિરો મુકેલી મિલકતોનો ભૌતિક કબજો લેવામાં આવેલ છે, આ ગિરો મિલકતની વિગતો નીચે જણાવામાં આવી છે. આ સ્થાયી ગિરો મિલકત, જે છે જ્યાં છે, જે છે જેવી છે અને જે કંઈ પણ છે અને ગમે તે હોય તે મિલકત નીચે ટેબલમાં જણાવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે.

ક્રમ નં.	દેવાદારોનું/સહ દેવા -દારોનું / જામીનદારો/ કાયદાકીય વારસદારોનું નામ અને લોન ખાતા નંબર	જામીન મુકેલ મિલકતોની વિગતો અને જાણીતા બોજા સાથે, જો હોય તો	બાકી લેણાં રકમ(રૂા)	અનામત કિંમત બાનાની થાપણ કિંમત	મિલકત નિરિક્ષણની તારીખ અને સમય	ઈ-નિલામિની તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧	સુસાંતા માજી (દેવાદાર) પુજા સુસાંતા માજી (સહદેવાદાર) ચિરંજીત સમર સેનાપતી (જામીનદાર) લોન ખાતા નં. LHPAA00001281020	પ્લોટનં.૪૩, આઉટ ઓફ રેવન્યુ સર્વે નં.૯૨૧ પૈકી, સરનાલપતી સીમના, કુબેરનગર સોસાયટી ખાતે સ્થિત, પાટણ, તાલુકો અને જીલ્લો પાટણ	રૂા. ૮,૭૩, ૨૩૪.૦૦/- જુન ૦૪, ૨૦૨૪	રૂા.૭,૨૦, ૦૯૦/- રૂા.૭૨,૦૧૦/-	જુન ૨૬, ૨૦૨૪ સવારે ૧૧-૦૦ કલાકે થી સાંજે ૩-૦૦ કલાકની વચ્ચે	જુલાઈ ૦૩, ૨૦૨૪ના રોજ બપોરના ૨-૦૦ થી ૩-૦૦ કલાક
૨	સોરઠિયા અભય હિમ્મતભાઈ (દેવાદાર) સોરઠિયા ભારતીબેન હિંમતભાઈ (સહ દેવાદાર) સોરઠિયા હિંમતભાઈ મેઘજીભાઈ (સહ દેવાદાર-૨) લોન ખાતા નં. LHRAJ00001471418 LHRAJ00001471407	પ્લોટનં.૧૧ ખાતે ઘર, આર.એસ.નં. ૩૮૩ પૈકી ૩, અવકાર રેસિડેન્સી, વૃંદાવન-૪ પાછળ, ઓફ જેતપુર રોડ, ગોંડલ, જીલ્લો રાજકોટ	રૂા.૨૧,૬૪, ૮૧૪.૦૦/- જુન ૦૪, ૨૦૨૪	રૂા.૧૬,૩૨, ૯૬૦/- રૂા.૧,૬૩,૩૦૦/-	જુન ૨૬, ૨૦૨૪ સવારે ૧૧-૦૦ કલાકે થી સાંજે ૩-૦૦ કલાકની વચ્ચે	જુલાઈ ૦૩, ૨૦૨૪ના રોજ બપોરના ૨-૦૦ થી ૩-૦૦ કલાક

ઓનલાઈન ઈ-નિલામી ઈ-નિલામી એજન્સી ગ્લોબટેક દ્વારા (URL Link-/https://BestAuctionDeal.com)વેબસાઈટ ઉપર યોજવામાં આવશે.
ગીરવેદારોને આગળના વ્યાજ સાથે કુલ બાકી લેણાં રકમ જુલાઈ ૦૨, ૨૦૨૪ નારોજ સાંજે ૫-૦૦ કલાક પહેલાં ચુકતે કરવા માટે આખરી તક આપવામાં આવે છે, અન્યથા ઉપરોક્ત ગીરો મિલકત ઉપરોક્ત અનુસૂચિ પ્રમાણે વેચાણ કરી દેવામાં આવશે.
રસ ધરાવતા બિડરોએ તેમની બાનાની થાપણ કિંમત (ઈએમડી)ની રકમ આરટીજીએસ / ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જુલાઈ ૦૨, ૨૦૨૪ના રોજ સાંજે ૪-૦૦ કલાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., પહેલો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મેહસાણા હાઈવે, મેહસાણા-૩૮૪૦૦૨ ખાતે જમા કરાવવાની રહેશે (કોલમ-ઈ જોશો). ખાસ ધ્યાન આપો કે જો રસ ધરાવતા બિડરો ઉપરોક્ત સમય સુધીમાં તેમની ઓફર સબમિટ કરવો ટેન્ડર દસ્તાવેજોની સહી કરેલી કોપીને જુલાઈ ૦૨, ૨૦૨૪ના રોજ સાંજે ૫-૦૦ કલાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., પહેલો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંકની ઉપર, મેહસાણા હાઈવે, મેહસાણા-૩૮૪૦૦૨ ખાતે જમા કરી શકે છે. બાનાની થાપણ કિંમત (ઈએમડી)નો ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) નેશનલાઈઝ્ડ/ શેડ્યુલ બેંકનો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.- ઓક્શન નામનો પેયેબલ એટ પાટણ, રાજકોટ નો બનાવીને જમા કરાવાનો રહેશે.
મિલકત નિરિક્ષણ કે ઈ-નિલામીના નિયમો અને શરતો કે ટેન્ડર જમા કરાવવાને લગતી વધુ જાણકારી માટે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ. ના સેલ્સ અને માર્કેટિંગ ના ભાગીદાર નેક્ષઝેન સોલ્યુશન્સ પ્રા.લિ.નો ૯૯૨૦૮૦૭૩૦૦ ઉપર સંપર્ક કરી શકો છો.
સત્તાવાર અધિકારીને કોઈ જાતના કારણો આપ્યા વિના કોઈ એક બિડ કે દરેક બિડને નકારવાનો સંપૂર્ણ હક છે.
વિગતવાર વેચાણને લગતા નિયમો અને શરતો માટે કૃપા કરી https://www.icicihfc.com/ ની મુલાકાત લેશો.

તારીખ : જુન ૧૩, ૨૦૨૪
સ્થળ : પાટણ, રાજકોટ
અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ

SHRIRAM Finance
SHRIRAM City MONEY WHEN YOU NEED IT MOST
શ્રીરામ ફાયનાન્સ લીમીટેડ
(જે પહેલા શ્રીરામ સિટી યુનિયન ફાયનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી)
રજીસ્ટર્ડ ઓફિસ: ૧૪/એ શ્રી ટૉવર્સ, સાઉથ ફેઝ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ , ગૌન્ડી ચેન્નાઈ ૬૦૦ ૦૩૨
બ્રાન્ચ ઓફિસ: ૧૧૦૫-૧૧૦૬, શ્રીધર એથેન્સ, ૧૧મો માળ, ઝાંસી કી રાણી સ્ટેચ્યુ પાસે, નેહરૂનગર, અમદાવાદ : ૩૮૦૦૧૫. વેબસાઈટ : www.shriramfinance.in
માંગણા નોટીસ

અત્રે એ નોંધવું રહ્યું કે શ્રી રામ સીટી યુનિયન ફાઈનાન્સ લીમીટેડ શ્રી રામ ટ્રાંસપોર્ટ ફાઈનાન્સ લીમીટેડમાં ચેન્નઈ એમસી એલટી ના હુકમ મુજબ એકીકરણ થઈ ગયુ હતું તે શ્રીરામ ટ્રાંસપોર્ટ ફાઈનાન્સ લીમીટેડનું નામ હતું તે બદલીને શ્રી રામ ફાઈનાન્સ લીમીટેડ તા. ૩૦.૧૧.૨૦૨૨ના રોજથી અમલમાં આવ્યુ છે.૩૦.૧૧.૨૦૨૨ના રોજ આનામ બદલાયું તેનું ઈન કૉર્પોરેટેડના પ્રમાણપત્ર મુજબ છે.

આથી નીચે જણાવેલ કરજદાર(રો)/સહકરજદારો/જામીનદારોને નોટીસ આપવામાં આવે છે કે **શ્રીરામ ફાઈનાન્સ લી.** (એસએફએલ) તેમાંથી તમે લોનની સગવડ લીધી હતી તેની મુળ રકમ અને તેનું વ્યાજ પરત કરવામાં તમે નિષ્ફળ ગયા છો તેથી તમારુ લોન ખાતુ રિઝર્વ બેંક ઓફ ઈંડિયા દ્વારા જારી માર્ગદર્શિકા/નિયમાનુસાર નોન પરફોમીંગ એસેટ(એનપીએ) તરીકે ગણવામાં આવે છે. તેથી નીચે સહી કરનાર શ્રીરામ ફાયનાન્સ લી (એસએફએલ)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ કરજદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી. તેમને સીકયુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ૧૩(૨)ના સરફેસી એકટ હેઠળ લેનદારો/જામીનદારો/માર્ટગેઝરોને આ નોટીસ માં દર્શાવેલ રકમ અને બાકી નિકળતી રકમ આકસ્મિક ખર્ચ, કોસ્ટ, ચાર્જિસ વગેરેની સાથે નોટીસ પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસની અંદર ચુકવી દેવી.
આ જાહેર નોટિસ છેલ્લા જાણ મુજબના સરનામાં પર મોકલવામાં આવી હતી તે સ્વીકાર્યા વગરની પાછી ફરી છે તેથી આ નોટીસ મોકલાવવામાં આવી છે.
કરજદારો ધ્યાન આપો કે સેક્શન ૧૩ એક્ટના સબ - સેક્શન (૮)ની જોગવાઈ મુજબના સમયમાં આ આરક્ષિત મિલકત છોડાવી શકો છો.

કરજદાર(રો)સહ-કરજદાર(રો) નું નામ અને સરનામું	બાકીની રકમ	આરક્ષિત એસેટ્સ નું મિલ્કત સરનામું
૧) ૯૯૯ પાન સ્મોક કાફે એન્ટરપ્રાઈઝ શૉપ નં.૭ જીએફ, ગણેશ ગ્લોરી, ગણેશ જીનેસીસ, જગતપુર, અમદાવાદ ૨) મી. નિલેશ દિનેશભાઈ પટેલ એ-૨૦૪, વંદેમાતરમ ક્રોસ રોડ, ન્યુ એસ.જી. રોડ, ગોતા દસક્રોઈ, અમદાવાદ. ૩) ઝરણા નિલેશ પટેલ એ-૨૦૪, વંદેમાતરમ ક્રોસ રોડ, ન્યુ એસ.જી. રોડ, ગોતા દસક્રોઈ, અમદાવાદ. એનપીએતારીખ-૨જી જૂન ૨૦૨૪ માંગણા નોટિસ તારીખ : ૧૦ જૂન, ૨૦૨૪	રૂા.૬૪૧૬૭૮૧/- (ચૌસઠ લાખ સોલ હજાર સાત સો એક્યાસી પુરા) જે ૦૫ જૂન, ૨૦૨૪ અંડર લોન એકાઉન્ટ નં. CDAH1LP2302240001 લોન રકમ રૂા. ૬૫,૦૦,૦૦૦/-જે CDAH1LP2302240001	મિલ્કત નં. ૧ મિલ્કતની માલિકી મી. નિલેશ દિનેશભાઈ પટેલની છે તમામ ભાગ અને હિસ્સો ઓફ સ્થાવર કૉમર્શિયલ મિલ્કત બિઈંગ એ શૉપ/ ઓફિસ નં. ૫૧૩, માપ લગભગ ૮૦.૭૮ સ્કેવર મી. બિલ્ટ-અપ એરિયા અને શૉપ/ ઓફિસ નં. ૫૧૪, માપ એરિયા લગભગ ૫૪.૧૧ બિલ્ટ- અપ એરિયા એકત્રીકરણ થઈ ૧૩૪.૮૯ મીટર બિલ્ટ- અપ એરિયા (રેરા મુજબ, ૭૭.૨૯ સ્કેવર મી. + ૫૨.૨૩ સ્કેવર મી. કારપેટ એરિયા એકત્રીકરણ ૧૨૯.૫૨ સ્કેવર મી. કારપેટ એરિયા)જે પાંચમા માળે, જમીન અને કૉમન સુવિધાઓમાં અવિભાજીત અધિકારો સાથે સ્કીમ સુરીલ બિઝનેસ હાઉસ તરીકે ઓળખાય જેનો જમીનનો સર્વે નં. ૫૬૮/૧ પૈકી ઓફ મૌજે /ગામ: નરોડા, અન્ય વિશિષ્ટતાઓમાં જમીનનો ફાયનલ પ્લોટ નં. ૪૪૮ ઓફ ટીપીએસ નં. ૧ ઓફ મૌજે/ગામ: નરોડા, તાલુકા: અસારવા અને ડિસ્ટ. અમદાવાદમાં સ્થિત છે, અને તેની ચારે બાજુ : શૉપ નં. ૫૧૩ અને શૉપ નં. ૫૧૪ની બાઉન્ડ્રી પુર્વે : પૈસેજ, પશ્ચિમે : પૈસેજ ઉત્તરે : ઓફિસ નં. ૫૧૨, દક્ષિણે : પૈસેજ.

ઉપરોકત કરજદારોને આથી નોટીસ આપવામાં આવે છે કે આ નોટીસ પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસની અંદર બાકી નિકળતી રકમ ચુકવી દેવી જો આ ૬૦ દિવસની મુદત પુરી થઈ જશે ત્યાં સુધીમાં રકમ ચુકવવામાં નિષ્ફળ જશો તો આગળની કાર્યવાહી ગીરો મુકેલ (એક કે ગમે તે સામે) તમારા ખર્ચ અને જોખમે કાર્યવાહી થશે જે સીકયુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ના અનુચ્છેદ૧૩ (૪) ની આવેદકોના રૂલની જોગવાઈ મુજબ કાર્યવાહી થશે.
કૃપયા ધ્યાન આપો કે કલમ ૧૩ (૧૩)ની જોગવાઈ મુજબ આ નોટીસના અનુસંધાનમાં સિક્યોર્ડ ક્રેડિએટરની પુર્વ મંજુરી લીધા વિના ગીરો મિલકત કોઈપણ પ્રકારે લીઝ, વેચાણ મારફતે કોઈના નામે ટ્રાન્સફર કરી શકાશે નહી કોઈ ત્રાહીત વ્યકિતનો હક્ક પેદા થાય તે રીતે કાર્યવાહી થઈ શકશે નહી.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૩.૦૬.૨૦૨૪.
સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ ફાયનાન્સ લિ.

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt